# Celebrating Growth

અધ્યક્ષ

## ડૉ. જે. એન. સિંહ, આઈ.એ.એસ.નું

નિવેદન

## ૪૪મી વાર્ષિક સામાન્ય સભા

શનિવાર, તા. ૧૬મી સપ્ટેમ્બર, ૨૦૧૭

સવારે ૧૧.૩૦ કલાકે





સ્થળઃ

**ગુજરાત આલ્કલીઝ એન્ડ કેમિકલ્સ લિમિટેડ**

પી. ઓ.: પેટ્રોકેમિકલ્સ-૩૯૧ ૩૪૬, જિલ્લો : વડોદરા.

**શેરહોલ્ડર ભાઈઓ તથા બહેનો,**

આપણી કંપનીની ૪૪મી વાર્ષિક સામાન્ય સભામાં હું આપ સૌનું હાર્દિક સ્વાગત કરું છું. વર્ષ ૨૦૧૬-૧૭ના સ્ટેન્ડઅલોન અને કોનસોલિડેટેડ ઓડિટ થયેલા નાણાંકીય પરિણામો અને બોર્ડનો અહેવાલ આપની પાસે છે, જે આપની અનુમતિથી હું વાંચી લીધેલા ગણી લઉં છું.

## અર્થતંત્ર પર એક નજર

ભારતીય અર્થતંત્રએ ગત વર્ષના ૭.૬ %ના વિકાસદરની તુલનામાં નાણાંકીય વર્ષ ૨૦૧૬-૧૭માં ૭.૧%ના દરે વિકાસ હાંસલ કર્યો હતો. વર્ષ ૨૦૧૬-૧૭ના ચોથા ત્રિમાસિક ગાળામાં વિકાસદર ૬.૧ % ટકા રહ્યો હતો જે તેની અગાઉના વર્ષે સમાન ગાળામાં ૭.૯% રહ્યો હતો. ૨ ટ્રિલિયન ડોલર મુલ્ય સાથે, ભારતીય અર્થતંત્ર દુનિયામાં સાતમા સૌથી વિશાળ અર્થતંત્ર તરીકે ઉભરી આવ્યું છે. ઓઈસીડી ઈકોનોમિક આઉટલૂક રિપોર્ટ પ્રમાણે, ભારતનો આર્થિક વિકાસ મજબૂત રહેશે અને ભારત ૨૦૧૭-૧૮માં ઝડપથી વિકસતુ G20 અર્થતંત્ર બની રહેશે.

સેન્ટ્રલ સ્ટેટેસ્ટિક્સ ઓફિસ (CSO) દ્વારા રજૂ કરાયેલ આંકડા અનુસાર, કૃષિ ક્ષેત્રે નાણાકીય વર્ષ ૨૦૧૬-૧૭ના ચોથા ત્રિમાસિક ગાળામાં અગાઉના વર્ષના સમાન ગાળાના ૧.૨% કાચા મુલ્ય વૃદ્ધી દરની તુલનામાં ૫.૨% વૃધ્ધિ દર રહ્યો હતો. જ્યારે ઉત્પાદન ક્ષેત્રે ચોથા ત્રિમાસિક ગાળામાં ગત વર્ષના સમાન ગાળામાં જ રહેલા ૧૨.૭ % વૃધ્ધિ દરની તુલનામાં ઘટીને ૫.૩% રહ્યો હતો. જ્યારે બાંધકામ ક્ષેત્રે નકારાત્મકતા જોવા મળી હતી.

નાણાંકીય વર્ષ ૨૦૧૬-૧૭, ભારત સરકાર દ્વારા કરાયેલા બે નોંધપાત્ર આર્થિક સુધારાનું સાક્ષી બન્યું હતુ. સરકારનો નોટબંધીનો નિર્ણય અર્થતંત્રને સુધારવા તથા કેશલેસ ઈકોનોમીને પ્રમોટ કરવાથી અર્થતંત્રમાં ઓછી આવક ધરાવતા લોકોને બેંકિંગ સીસ્ટમમાં લાવી શકાયા અને નાણાંકીય પારદર્શિતા વધી શકી છે. આ પગલા લેવાથી દેશમાં ડિજિટલ પેમેન્ટ્સનો દર વધશે. સરકારે ઐતિહાસિક - ગૂડ્સ એન્ડ સર્વિસીઝ ટેક્સ (GST) એક્ટ પસાર કર્યો જે ૧ જુલાઈ, ૨૦૧૭થી અમલી થયો છે. આની કર માળખા પર નોંધપાત્ર અસર થશે અને દેશમાં વ્યવસાય સરળતાથી કરી શકાશે. માળખાકીય સુધારામાં ઝડપથી વૃધ્ધિની નવી તકો ઉભરી રહી છે.

ભારતીય અર્થતંત્રમાં લાંબાગાળાની વૃધ્ધિ માટેની સંભાવનાઓ માટે તેના મોટા માળખાકીય સુધારાના કારણે, યુવા જનસંખ્યા અને તેને લીધે સ્વનિર્ભરતાનો ઉંચો દર, સ્વસ્થ બચત અને રોકાણોનાં વૃધ્ધિ દર તથા વૈશ્વિક અર્થતંત્રની વૃધ્ધિને પરીણામે સાનુકુળ સંજોગો દર્શાવે છે.

## ગુજરાત અન્ય રાજ્યો માટે રોલ મોડેલ (ઉદાહરણરૂપ)

ગુજરાત એક એવું રાજય છે જે સફળ, પ્રગતિકારક અને બધાજ ક્ષેત્રે વિકાસ માટે સમગ્ર દેશમાં ઉદાહરણરૂપ બન્યું છે. ગુજરાત તેની ઔદ્યોગિક સાહસિકતા અને વાઈબ્રન્સી માટે જાણીતું છે. રોકાણકારોનો ગુજરાતમાં રોકાણ માટેનો વિશ્વાસ અનેકગણો વધ્યો છે, જેમાં રાષ્ટ્રીય અને

આંતરરાષ્ટ્રીય રોકાણકારો સામેલ છે. આપણું રાજ્ય, ઉદ્યોગો અને કૃષિ માટે પ્રર્યાપ્ત ઉર્જા અને માળખાગત સુવિધાઓ પુરી પાડે છે. ગુજરાત કેમિકલ હબ અને પેટ્રો-કેમિકલ ઈન્ડસ્ટ્રીઝ સહિત નોંધપાત્ર ઔદ્યોગિક પરિસીમા ધરાવે છે. જેનાથી ગુજરાત દેશના અર્થતંત્રમાં સૌથી વિશાળ યોગદાન આપનાર રાજ્ય બન્યું છે.

ગુજરાત રાજ્ય પોતાના પ્રગતિકારક વિચારો, સક્રિય અને વિવેકપૂર્ણ આયોજન તથા તેના અમલીકરણને કારણે સર્વાંગી વિકાસ સાથે આર્થિક ક્ષેત્રે નોંધપાત્ર પ્રગતિ તરફ વધી રહ્યું છે. ભારતીય અર્થતંત્ર વૈશ્વિક મંદી જેવા પ્રતિકુળ સંજોગોમાં પણ મજબૂત રીતે વિકાસ કરી રહ્યું છે જેમાં ગુજરાત અગત્યની ભૂમિકા અદા કરી રહ્યું છે. ભારતના ઝડપથી બદલાતા પરિદશ્ય સાથે તાલ મેળવવા ગુજરાત હંમેશ અગ્રિમ કક્ષાએ રહ્યું છે. ગુજરાતની ધંધાકિય ઔદ્યોગિક નીતિ સક્ષમ, સાતત્યપૂર્ણ અને સર્વાંગી પ્રગતિને અનુલક્ષીને બનાવાઈ છે. આ તમામ પ્રયાસોથી મને આશા છે કે આપણા માનનીય વડાપ્રધાનશ્રીના ‘‘મેઈક ઈન ઈન્ડિયા’’ ના ધ્યેયને પ્રાપ્ત કરવા, ગુજરાત અન્ય રાજ્યોને ઉદાહરણ પુરું પાડશે.

## જીએસીએલની કામગીરી

આપની કંપની તા. ૩૧મી માર્ચ, ૨૦૧૭ના રોજની કોસ્ટિક સોડા માટેની તેની સ્થાપિત ઉત્પાદન ક્ષમતા પ્રતિ વર્ષ ૪,૨૯,૦૫૦ મેટ્રિક ટનની સાથે, ભારતમાં કોસ્ટિક સોડાના સૌથી વિશાળ ઉત્પાદકોમાંની એક કંપની તરીકે ઘણા સમયથી ઉભરી આવી છે અને આપની કંપની સક્ષમ આર્થિક પરિસ્થિતિ ધરાવે છે. કંપની રાષ્ટ્રીય ક્લોર-આલ્કલી બજારમાં ૧૪ ટકા જેટલો હિસ્સો ધરાવે છે.

કંપની સમયાંતરે ક્લોર-આલ્કલી ક્ષેત્રે પોતાની કામગીરીનું વિસ્તરણ કરતી આવી છે અને સાથે સાથે નવા ઉત્પાદનોમાં પણ વિવિધતા લાવી રહી છે. જેમાં ફોરવર્ડ અને બેકવર્ડ ઈન્ટિગ્રેશનનો સમાવેશ થાય છે. જીએસીએલએ ભારતની એવી પ્રથમ કંપની છે જેણે વર્ષ ૧૯૮૯માં મરક્યુરી સેલ ટેકનોલોજીને બદલીને તેના સ્થાને પર્યાવરણને અનુકુળ ટેકનોલોજી અને ઉર્જા સક્ષમ મેમ્બ્રેન ટેકનોલોજીનો ઉપયોગ શરૂ કર્યો હતો. હાલમાં કંપનીની ઉત્પાદન શ્રેણીમાં કુલ ૩૫ જેટલા ઉત્પાદનોનો સમાવેશ થાય છે. કંપનીના ઉત્પાદનો ભારતમાં તેમજ વિદેશોમાં વિવિધ ઉદ્યોગો દ્વારા ઉપયોગમાં લેવાય છે.

નાણાંકીય વર્ષ ૨૦૧૬-૧૭ દરમિયાન કોસ્ટિક સોડા પ્લાન્ટમાં ૯૫% ઉત્પાનક્ષમતા પ્રાપ્ત કરી આપની કંપનીએ પર્યાવરણને સાનુકૂળ અને હરિત ટેકનોલોજી અપગ્રેડેશન અને તેનો સ્વીકાર સુનિશ્ચિત કરેલ છે. કંપનીએ તેના કેટલાક ઉત્પાદ્ન એકમોમાં જેવાં કે ફોસ્ફોરિક એસિડ, હાઈડ્રોજન પેરોક્સાઈડ, એલ્યુમિનિયમ ક્લોરાઈડની ૧૦૦ ટકાથી વધારેની ઉત્પાદન ક્ષમતા પ્રાપ્ત કરી છે.

ઈલેક્ટ્રોલિસીસ પદ્ધતિથી કોસ્ટિક સોડાનું ઉત્પાદન મોટાપાયે પાવર આધારિત છે અને કંપનીએ તેની વધારાની ઉર્જાની જરૂરિયાતને પહોંચી વળવા લાંબાગાળાની વ્યૂહનીતિ અપનાવેલ છે. આપની કંપનીએ સ્વવપરાશ માટે ગેસ પર આધારિત ૯૦ મેગાવોટ પાવર પ્લાન્ટ તેમજ ૧૪૫ મેગાવોટનો સંયુક્ત વપરાશ માટે ગેસ પર આધારિત જી.આઈ.પી.સી.એલ ખાતે પાવર પ્લાન્ટ સ્થાપેલ છે. આ ઉપરાંત તા. ૩૧મી માર્ચ, ૨૦૧૭ સુધીમાં કુલ ૧૭૧.૪૫ મેગાવોટની પ્રસ્થાપિત ક્ષમતાવાળી પવનચક્કિઓ સ્થાપીને હરિત ઉર્જા માટે મોટા કદમ ઉઠાવ્યા છે. કંપની પર્યાવરણને સાનુકૂળ, લાંબાગાળા માટે પુનઃપ્રાપ્ય ઉર્જા સ્ત્રોતોના વિકલ્પો દ્વારા તેની ઉર્જાની જરૂરીયાતો પૂરી કરવાનો હેતુ ધરાવે છે. કંપની ૧૫ મેગાવોટ સોલાર પાવર જનરેશન યુનિટ પણ સ્થાપી રહી છે. આ પરિયોજના નાણાંકીય વર્ષ ૨૦૧૭-૧૮ દરમિયાન કાર્યરત થશે.

આપની કંપનીએ નાણાંકીય વર્ષ ૨૦૧૬-૧૭ દરમિયાન તેના બન્ને સંકુલો એટલે કે વડોદરા અને દહેજ સંકુલો ખાતે હાઈડ્રોક્લોરીક એસિડ અને હાઈડ્રોજન પેરોક્સાઈડનું અત્યાર સુધીનું સૌથી વધુ ઉત્પાદન તેમજ દહેજ સંકુલ ખાતે એલ્યુમિનિયમ ક્લોરાઈડ, પોલી એલ્યુમિનિયમ ક્લોરાઈડ, સ્ટેબલ બ્લીચીંગ પાવડર, સોડિયમ ક્લોરેટ અને ક્લોરોટોલ્યુનનું અત્યાર સુધીનું સૌથી વધુ ઉત્પાદન હાંસલ કર્યુ હતું.

## કંપનીની નાણાંકીય કામગીરી

આપને જણાવતા મને આનંદ થાય છે કે આપની કંપનીએ વર્ષ ૨૦૧૬-૧૭ દરમિયાન ઉત્કૃષ્ટ નાણાંકીય દેખાવ કર્યો છે. નાણાંકીય વર્ષ ૨૦૧૬-૧૭ દરમિયાન, આપની કંપનીએ ગત વર્ષના રૂ. ૨,૧૭૯ કરોડના વેચાણની સરખામણીએ રૂ. ૨,૨૫૫ કરોડનું સૌથી વધુ વેચાણ હાંસલ કરેલ છે. કંપની કોસ્ટિક સોડા ગ્રુપ, કોસ્ટિક પોટાશ ગ્રુપ, ક્લોરો ટોલ્યુન ગ્રુપ, હાઈડ્રોજન પેરોક્સાઈડ, એલ્યુમિનિયમ ક્લોરાઈડ, પોલી એલ્યુમિનિયમ ક્લોરાઈડ, સ્ટેબલ બ્લીચીંગ પાવડર અને સોડિયમ ક્લોરેટનું વેચાણ વધારી શકી છે.

ગળાકાપ સ્પર્ધા અને બજારની પ્રતિકુળ પરિસ્થિતિઓ હોવા છતાં પણ આપની કંપની ગત વર્ષના રૂ. ૩૮૦ કરોડના કુલ નફાની સરખામણીએ રૂ. ૫૦૬ કરોડનો કુલ નફો કરી શકી છે જે ૩૩%ની વૃધ્ધિ દર્શાવે છે.

આપની કંપનીએ ગત વર્ષના રૂ. ૨૬૩ કરોડના કરવેરા પહેલાના નફાની સરખામણીએ વર્ષ દરમિયાન રૂ. ૩૮૨ કરોડના અત્યાર સુધીનો સૌથી વધુ નફો પ્રાપ્ત કર્યો છે જે ૪૫%ની વૃધ્ધિ દર્શાવે છે અને ગત વર્ષના રૂ. ૨૨૦ કરોડના કરવેરા પછીના નફાની સરખામણીએ રૂ. ૩૦૮ કરોડનો નફો પ્રાપ્ત કરેલ છે જે ૪૦ %ની વૃધ્ધિ દર્શાવે છે.

વર્ષ દરમિયાન વેચાણમાં ચોખ્ખા નફાનું પ્રમાણ ૧૧.૨૪%થી વધીને ૧૫.૨૫% થયું છે.

ગત વર્ષના રૂ. ૨૯.૯૪ની શેર દીઠ કમાણીની સામે, નાણાંકીય વર્ષ ૨૦૧૬-૧૭માં રૂ. ૪૧.૯૫ની શેર દીઠ કમાણી કરી છે.

શેરની ચોપડે કિંમત (બુક વેલ્યુ) ગત વર્ષના રૂ. ૩૯૧ પ્રતિ શેરની સામે તા. ૩૧મી માર્ચ, ૨૦૧૭ના રોજ રૂ. ૪૫૧ પ્રતિ શેરની રહી છે જે શેર દીઠ રૂ. ૬૦નો વધારો દર્શાવે છે.

કંપનીના કુલ શેરની બજાર કિંમત (માર્કેટ કેપીટલાઈજેશન), તા. ૩૧મી માર્ચ, ૨૦૧૬ના રૂ. ૧,૨૧૫.૭૫ કરોડની સરખામણીએ તા. ૩૧મી માર્ચ, ૨૦૧૭ના રોજ રૂ. ૨,૯૯૪.૭૬ કરોડની થઈ છે જે રૂ. ૧,૭૭૯.૦૧ કરોડની વૃધ્ધિ દર્શાવે છે.

આપની કંપની વર્ષ દરમિયાન, ખર્ચ નિયંત્રણ, ઉત્પાદન કિંમતો પર સતત દેખરેખ અને તેની સમીક્ષા તેમજ અન્ય જરૂરી પગલાંઓને કારણે સારા પરિણામો હાંસલ કરી શકી છે. આપણે ચાલુ નાણાંકીય વર્ષમાં પણ ખર્ચ નિયંત્રણ કરવાનું ચાલુ રાખ્યું છે.

ચાલુ નાણાંકીય વર્ષના પ્રથમ ત્રિમાસિક સમયગાળામાં આપની કંપનીએ તા. ૩૦મી જૂન, ૨૦૧૭ના રોજ પૂરા થયેલા પ્રથમ ત્રિમાસિક સમયગાળામાં, ગત વર્ષના એ જ સમયના રૂ. ૫૧૫ કરોડના એકસાઈઝ ડ્યુટી બાદ કર્યા પછીના વેચાણની સામે રૂ. ૫૩૨ કરોડનું અત્યાર સુધીનું સૌથી વધુ ત્રિમાસિક વેચાણ હાંસલ કરીને વધુ સારો દેખાવ કરવાનું ચાલુ રાખ્યુ છે. આ જ સમય દરમિયાન, આપની કંપનીએ ગત વર્ષના પ્રથમ ત્રિમાસિક સમયગાળામાં રૂ. ૧૧૨ કરોડના કરવેરા પહેલાના નફાની સામે રૂ. ૧૨૮ કરોડનો સૌથી વધુ ત્રિમાસિક નફો હાંસલ કરેલ છે અને ગત વર્ષના પ્રથમ ત્રિમાસિક સમયગાળાના રૂ. ૮૬ કરોડના કરવેરા પછીના નફાની સરખામણીએ આ જ સમયગાળામાં રૂ. ૯૫ કરોડનો સૌથી વધુ કરવેરા પછીનો ત્રિમાસિક નફો હાંસલ કરેલ છે.

## ડિવિડન્ડ

આપની કંપનીના બોર્ડ પરના ડિરેક્ટરોને જણાવતાં આનંદ થાય છે કે રૂ. ૧૦નો એક એવા સંપૂર્ણ ભરપાઈ થયેલા ૭,૩૪,૩૬,૯૨૮ ઈક્વીટી શેરો પર તા. ૩૧મી માર્ચ, ૨૦૧૭ના રોજ પૂરા થયેલ નાણાંકીય વર્ષ માટેનું શેર દીઠ રૂ. ૫.૦૦ એટલે કે ૫૦% ડિવિડન્ડ આપવાની આપના ડિરેક્ટરો ભલામણ કરે છે.

## બજાર વ્યવસ્થા

આપની કંપનીની ઉત્પાદન શ્રેણીમાં વિવિધ ૩૫ જેટલા ઉત્પાદનોનો સમાવેશ થાય છે. જેમાં મુખ્યત્વે કોસ્ટિક સોડાનાં ઉત્પાદન જૂથમાંથી આવક થાય છે તેથી કોસ્ટિક સોડા અને કલોરિનના બજારની પરિસ્થિતિની કંપનીની કામગીરી ઉપર બહોળી અસર પડે છે.

ઈન્ડીયન ઈન્સ્ટીટ્યુટ ઓફ કેમિકલ ટેકનોલોજી (IICT)ના સહયોગથી હાઈડ્રોજન પેરોક્સાઈડનો કાચા માલ તરીકે ઉપયોગ કરીને આયાતની અવેજીરૂપ હાઈડ્રાઝીન હાઈડ્રેટની ઉત્પાદન ક્ષમતા ઘરઆંગણે વિકસાવવામાં કંપનીએ સફળતા મેળવી છે.

ખૂબ જ ઓછી કિંમતે વિવિધ ઉત્પાદનોના ભારતમાં બહોળા પ્રમાણમાં થતા આયાત (ડમ્પિંગ)ને કારણે આપની કંપની સતત પ્રતિકુળ પરિસ્થિતિનો સામનો કરી રહી છે જેનાથી કંપનીની ઉત્પાદન ક્ષમતાનો ઉપયોગ તથા ઉત્પાદનોની કિંમતો પર પ્રતિકુળ અસર થાય છે. આ માટે કંપની ડબલ્યુટીઓ (WTO) માર્ગદર્શિકાઓ અંતર્ગત એન્ટી ડમ્પિંગ ડ્યુટી લાદવાના સુધારાત્મક પગલાં લેવા માટે સક્રિય પ્રયાસ કરી રહી છે.

આપની કંપનીએ ભારતના પૂર્વિયક્ષેત્રના ભાગમાં વેચાણ કરવાનું સફળતાપૂર્વક ચાલુ રાખેલ છે. તે મુજબ મેસર્સ નેશનલ એલ્યુમિનિયમ કંપની લિ. (નાલ્કો), ઓરિસ્સાને ૨૭,૭૭૫ મેટ્રિકટનનું કોસ્ટિક સોડા લાઈનું વેચાણ કરેલ છે. દૂરગામી બજાર સાથેની સ્પર્ધાને ટકાવી રાખવા કે જ્યાં માલનો ટ્રાન્સપોર્ટેશન ખર્ચએ મુખ્ય બાબત છે ત્યાં માલવહનની વિવિધ શક્યતાઓને વિચારાઈ રહી છે. આ માટે આપની કંપનીએ રેલ માર્ગ તથા દરીયાઈ માર્ગ દ્વારા કોસ્ટિક સોડાનું દૂરના સ્થળોએ પરીવહન કરવાનું શરૂ કરેલ છે.

નાલ્કોને કોસ્ટીક સોડા દરિયાઈ માર્ગ દ્વારા મોકલવાની શક્યતાઓ પણ ચકાસેલ છે. તે માટે આપણે દહેજ ખાતેના GCPTCLના સ્ટોરેજ ટેંકમાં કોસ્ટિક સોડાનો જરૂરી જથ્થો સંગ્રહ કરવાની વ્યવસ્થા પણ કરેલ છે.

આપની કંપનીએ સમગ્ર ભારતના વ્યુહાત્મક સ્થળોમાંના એક એવા મોદીનગર ખાતે વેચાણ મથક ઉભું કરેલ છે, અને કોસ્ટિક સોડાનો ૩,૨૮૩ મેટ્રિકટનનો જથ્થો રેલમાર્ગ દ્વારા આપણા મોદીનગર ખાતેના મથક પર મોકલેલ છે. જેથી દૂરના વિસ્તારોમાં રહેલ ગ્રાહકોની જરૂરિયાતને પૂરી કરી શકાય. જુદાજુદા બજારોમાં સ્પર્ધાત્મક રીતે ટકી રહેવા સારૂં, આપની કંપની અન્ય રાજ્યો જેવાં કે ઉત્તરપ્રદેશ, મહારાષ્ટ્ર, ગોવા અને આંધ્રપ્રદેશ ખાતે બીજા અન્ય વેચાણમથકો સ્થાપવાનું વિચારી રહી છે.

આપની કંપનીએ નાણાંકીય વર્ષ ૨૦૧૬-૧૭ દરમિયાન, લગભગ ૫,૨૪૦ મેટ્રિકટન કોસ્ટિક સોડા લાઈ આયાત કરેલ અને તેને ઘરઆંગણે વપરાશકર્તાઓને વેચેલ છે.

નાણાંકીય વર્ષ ૨૦૧૬-૧૭ દરમિયાન, આપની કંપનીએ કોસ્ટિક સોડા લાઈ, હાઈડ્રોક્લોરિક એસિડ, કોસ્ટિક પોટાશ લાઈ, હાઈડ્રોજન પેરોકસાઈડ, એલ્યુમિનિયમ કલોરાઈડ, પોલી એલ્યુમિનિયમ કલોરાઈડ, બેનઝીલ કલોરાઈડ, બેનઝીલ ડીહાઈડ, બેનઝીલ આલ્કોહોલ, સોડીયમ કલોરેટ અને સ્ટેબલ બ્લીચીંગ પાવડરનું અત્યાર સુધીનું સૌથી વધુ વેચાણ હાંસલ કર્યું છે.

## ખર્ચ નિયંત્રણ માટેના પગલાં

આપની કંપનીએ નાણાંકીય વર્ષ ૨૦૧૬-૧૭ દરમિયાન કાચોમાલ અને અન્ય વપરાશી વસ્તુઓનું ખર્ચ નિયંત્રણ કરવા માટે વિવિધ અસરકારક પગલાં લીધા છે આમાંથી કેટલાંક પગલાંની હું આપને માહિતી આપું છુંઃ

૧. આપની કંપનીએ વિવિધ ખરીદીઓ અને અન્ય સેવાઓ ઉત્તમ દરે મેળવવા માટે ઈ-ટેન્ડર અને રિવર્સ ઓક્શન પદ્ધતિ અપનાવી છે. ઓનલાઈન રિવર્સ ઓક્શન પ્રક્રિયાથી માલ વેચાણકર્તાઓ વચ્ચે સ્વસ્થ સ્પર્ધા ઉભી થવાને કારણે આપની કંપનીને નાણાંકિય વર્ષ ૨૦૧૬-૧૭ દરમિયાન માલની ખરીદ કિંમતોમાં અને સેવાઓના દરમાં સારા એવા ઘટાડાનો લાભ મળી શક્યો છે.

૨. આપની કંપનીએ એડવાન્સ લાઈસન્સ અન્તર્ગત કસ્ટમ કરમુક્ત પ્રાઈમરી એલ્યુમિનિયમ ઈનગોટ્સ ખરીદેલ છે જેથી તેની ખરીદ કિંમતમા ખૂબ જ લાભ થઈ શક્યો છે. આ યોજના અંતર્ગત નિકાસ જવાબદારી પરિપૂર્ણ કરવા માટે, કંપનીએ પોતાના ઉત્પાદનની નિકાસ કરી છે તેમજ વિદેશી ચલણ પણ મેળવેલ છે.

૩. આપની કંપનીએ પોટેશિયમ ક્લોરાઈડ (KCL) કે જે સૌથી મોટા પ્રમાણમાં આયાત કરવામાં આવતા કાચા માલમાનું એક છે અને તેનુ આયાત સ્થળ ભારતમાં પૂર્વ કાંઠાથી પશ્ચિમ કાંઠા પર તબદીલ કર્યું છે. આ તબદીલીને લીધે આંતરિક પરિવહનના ખર્ચમાં નોંધપાત્ર બચત થઈ શકી છે.

૪. આપની કંપનીએ એક જવાબદાર અને પર્યાવરણનું ધ્યાન રાખનાર ધંધાકિય સાહસ તરીકે અને 'ગ્રીન ટેકનોલોજી'ના સ્વીકાર અને પ્રસાર માટે કોસ્ટિક સોડાના ઉત્પાદન માટે સુધારેલ ગુણવત્તાવાળા સોલ્ટનો (મીઠાનો) ઉપયોગ શરૂ કર્યો છે. સોલ્ટની સુધારેલી ગુણવત્તાથી ઉત્પાદન પ્રક્રિયા દરમિયાન થતા પ્રદુષણ તેમજ કચરાના પ્રમાણમાં ઘટાડો થશે સાથે ઘન ઉત્સર્ગ બનવાના પ્રમાણમાં પણ લાભ મેળવી શકાશે. સોલ્ટની સુધારેલી ગુણવત્તાના કારણે કેમિકલ્સનો વપરાશ પણ ઘટશે અને આમ ખર્ચ પણ ઘટશે. આનાથી મેમ્બ્રેનનું આયુષ્ય વધશે જે કોસ્ટિક સોડાના ઉત્પાદનની પ્રક્રિયાનો એક અગત્યનો ભાગ છે.

૫. આપની કંપનીએ ઉંચા મૂલ્યની કાચી સામગ્રી, રસાયણો અને એન્જિનિયરીંગ વસ્તુઓનો સ્ટોક ઓછો કરવાના પગલાં લીધા છે જેથી સ્ટોક જાળવણી ખર્ચમાં ઘટાડો કરી શકાયો છે.

## વિસ્તરણ અને નવી યોજનાઓ

આપને જણાવતા મને આનંદ થાય છે કે વિકાસની યોજનાઓના ભાગરૂપે કંપનીએ કુલ વેચાણ અને નફાકારકતા નોંધપાત્ર રીતે વધારવા માટે વિવિધ યોજનાઓ નાણાંકિય વર્ષ ૨૦૨૦-૨૧ સુધીમાં કાર્યરત કરવાનું હાથ ધરેલ છે.

આ યોજનાઓ અમલના વિવિધ તબક્કે પહોંચી ગઈ છે અને જેમાં ઉત્પાદન પદ્ધતિમાં રહેલ નાની મોટી ખામીઓને સુધારી હાલની ઉત્પાદન શ્રેણીનું વિસ્તરણ, નવા ઉત્પાદન એકમો દ્વારા વર્તમાન ઉત્પાદનની નવી ક્ષમતાઓ ઉમેરવી તેમજ ફોરવર્ડ ઈન્ટીગ્રેશન દ્વારા નવી પ્રોડક્ટ્સ રજૂ કરવાં જેવી અનેક યોજનાઓનો સમાવેશ થાય છે.

આવી કેટલીક યોજનાઓ જેમાં વડોદરા સંકુલ ખાતેના કલોરોમિથેન્સના ઉત્પાદનના એકમનો વાર્ષિક ૩૭,૯૫૦ ટન થી વાર્ષિક ૫૬,૧૦૦ ટનની ઉત્પાદન ક્ષમતા સુધીનો વધારો તેમજ દહેજ સંકુલ ખાતે હાઈડ્રોજન પેરોકસાઈડના ઉત્પાદન માટે બીજા નવા વાર્ષિક ૧૪,૦૦૦ ટન ઉત્પાદન એકમની સ્થાપના, વાર્ષિક ૧,૦૫,૦૦૦ ટન ઉત્પાદન ક્ષમતાવાળા નવા કલોરોમિથેન્સ એકમની સ્થાપના તથા વાર્ષિક ૩૩,૮૭૦ ટનની ઉત્પાદન ક્ષમતાવાળા ફુડ ગ્રેડ ફોસ્ફોરિક એસિડ એકમનો સમાવેશ થાય છે. વધુમાં આપની કંપની તેના દહેજ સંકુલ ખાતે, સ્ટેબલ બ્લીચીંગ પાવડરની ક્ષમતા, વાર્ષિક ૧૫,૦૦૦ ટનથી અને એનહાઈડ્રસ એલ્યુમિનિયમ કલોરાઈડ એકમની ક્ષમતા વાર્ષિક ૧૬,૫૦૦ ટનથી વિસ્તારી રહી છે.

આ ઉપરાંત આપની કંપનીએ પ્રવાહી કચરાને વેચાણપાત્ર પ્રોડકટસમાં રૂપાંતર કરવાની યોજના હાથ ધરેલ છે જે દ્વારા એનહાઈડ્રસ સોડીયમ સલ્ફેટનું ઉત્પાદન હાથ ધરાશે. આ યોજના નાણાંકીય વર્ષ ૨૦૧૭-૧૮ દરમિયાન કાર્યરત થશે.

## જીએનએએલ (GNAL) - એક સંયુક્ત સાહસ કંપની

આપની કંપનીએ નેશનલ એલ્યુમિનિયમ કંપની લિ. (NALCO)જોડે સંયુક્ત સાહસ તરીકે દહેજ ખાતે ૧૩૦ મેગાવોટનો કોલસા પર આધારિત પાવર પ્લાન્ટ અને પ્રતિદિન ૮૦૦ મેટ્રીકટનનો નવો કોસ્ટિક સોડા પ્લાન્ટ સ્થાપવા સારૂ જીએસીએલ-નાલ્કો આલ્કલીઝ એન્ડ કેમિકલ્સ પ્રાઈવેટ લિ. નામની એક સંયુક્ત સાહસ કંપનીની સ્થાપના કરી છે. આ સંયુક્ત સાહસ કંપની તા. ૪ થી ડિસેમ્બર, ૨૦૧૫ના રોજ સ્થપાયેલ છે અને આ યોજના શરૂ કરવા માટેના આ સંયુક્ત સાહસ કંપનીએ વિવિધ કાર્યો હાથ ધરેલ છે. આ પ્લાન્ટમાં ઉત્પન્ન થનાર કલોરિનનો યોગ્ય ઉપયોગ કરવા સારૂ, કંપનીએ એક જુદો કલોરિન પાર્ક ઉભો કરવાનું આયોજન કર્યુ છે કે જ્યાં કલોરિનના વપરાશકારોને કલોરિન પાઈપ લાઈન દ્વારા પુરો પાડવામાં આવશે.

## સંશોધન અને વિકાસ

આપણી કંપનીની હાલની અને ભવિષ્યની જરૂરીયાતો ધ્યાનમાં રાખીને સંશોધન અને વિકાસની પ્રવૃત્તિઓ કરવામાં આવે છે. કંપનીનો સંશોધન અને વિકાસ વિભાગ નવા ઉત્પાદનો, નવી પ્રક્રિયાઓના વિકાસ, પર્યાવરણને સાનુકૂળ ટેકનોલોજી, પ્રક્રિયામાં સુધારો, ઉત્પાદનની ગુણવત્તા તથા ગ્રાહક સંતોષ પર ધ્યાન કેન્દ્રિત કરે છે.

નવી પ્રક્રિયાઓના વિકાસનું કામ વિવિધ ક્ષેત્રોમાં ચાલુ રાખેલ છે. જેમાં હાઈડ્રોજન પેરાકેસાઈડ આધારિત ઉત્પાદનનો સમાવેશ થાય છે. કંપનીના દહેજ સંકુલમાં ભારતની નામાંકિત સંશોધન સંસ્થાના સહયોગ સાથે હાઈડ્રાઝાઈન હાઈડ્રેટનું વ્યાપારી ધોરણે વાર્ષિક ૮,૦૦૦ થી ૧૦,૦૦૦ ટનના ઉત્પાદન માટેની ગતિવિધીઓ હાથ ધરવામાં આવેલ છે.

આપણા ફોસ્ફોરિક એસિડ ઉત્પાદન એકમમાંથી પેદા થતાં ઘનકચરાનાં ઉપયોગ, આયાત કરવામાં આવતી કાચી સામગ્રીનું પરીક્ષણ, ઉત્પાદન પ્રક્રિયાઓમાં સુધારા, તૈયાર થયેલ ઉત્પાદનોનું પરીક્ષણ તથા આપણે વિકસાવેલ કુલિંગ વોટર ટ્રીટમેન્ટ વગેરે જેવી બાબતો પર આપણું સંશોધન અને વિકાસ ડિપાર્ટમેન્ટ કામ કરી રહ્યું છે.

## પુનઃપ્રાપ્ય ઉર્જા

ગ્રીન ટેકનોલોજીનો ઉપયોગ ચાલુ રાખી, કંપનીએ વર્ષ ૨૦૧૬-૧૭ દરમિયાન ૧૪.૭ મેગાવોટનો વિન્ડફાર્મ પ્રોજેક્ટ હાથ ધરેલ, જે તા. ૩૧મી માર્ચ, ૨૦૧૭ના રોજ કાર્યરત કરવામાં આવ્યો છે જેનાથી કુલ પવન ઉર્જા ક્ષમતા વધીને ૧૭૧.૪૫ મેગાવોટની થઈ છે.

આપની કંપનીએ સ્વપરાશ માટે તેમજ સૌર ઉર્જાના વપરાશને વધારવાની જોગવાઈને ધ્યાનમાં લઈને ૧૫ મેગાવોટની સોલર પાવર યોજના હાથ પર લીધેલ છે આ યોજના નાણાંકીય વર્ષ ૨૦૧૭-૧૮ દરમિયાન કાર્યાન્વિત થશે.

## સુરક્ષા અને પર્યાવરણ

કંપની તેની નીતિ, સિધ્ધાંતો તેમજ સુરક્ષા અને પર્યાવરણને લગતાં વિધાનોનો સતત અમલ કરી રહી છે. કંપનીનાં કર્મચારીના સ્વાસ્થ્ય, સુરક્ષા અને પર્યાવરણની જાળવણીને લગતા નિયમોનું ચુસ્તપણે પાલન કરવામાં આવે છે. આ નિયમોને અનુરૂપ કંપનીના પરિસરની વિશેષ સ્વચ્છતા તેમજ પ્લાન્ટની જાળવણી અભિયાન પણ શરૂ કરવામાં આવ્યા છે.

કંપનીની પર્યાવરણનું જતન કરવાની પ્રતિબધ્ધતા ધ્યાનમાં લઈને આપણી કંપનીએ Zero Liquid Discharge (ZLD)નું કાર્ય હાથ ધર્યુ છે. આ યોજના અંતર્ગત પ્રવાહી કચરાને શુધ્ધ બનાવી તેને પુનઃઉપયોગમાં લેવામાં આવશે.

## કોર્પોરેટ ગવર્નન્સ

અમે દ્રઢપણે માનીએ છીએ કે કંપનીની કામગીરીને પ્રોત્સાહિત કરવા માટે તેમજ મહત્તમ ઉત્પાદકતા હાંસલ કરવા માટે તેમજ હિતધારકોના લાભ જળવાય એ સુનિશ્ચિત કરવા માટેનો આધાર કંપનીના સુદ્રઢ અને કાર્યક્ષમ વહીવટ પર રહેલો છે. સર્વગ્રાહી વિકાસ માટે જરૂરી એવી સુચારૂ સંસ્થાકીય વહિવટ પધ્ધતિઓનું (Good Corporate Governance) પાલન કરવાનું જીએસીએલ સદાય સુનિશ્ચિત કરે છે જે દ્વારા સંસ્થાકિય વિકાસનો લાભ સમગ્ર સમાજ મેળવી શકે.

## સંસ્થાકિય સામાજિક જવાબદારી

આપની કંપનીએ સમીક્ષા હેઠળના વર્ષ દરમિયાન વિવિધ ક્ષેત્રોમાં વિવિધ પ્રવૃત્તિઓ હાથ ધરીને માનવ વિકાસ સૂચકઆંક ઉંચે લઈ જવા માટેની તેની સંસ્થાકિય સામાજિક જવાબદારીઓ નિભાવવાનું ચાલુ રાખ્યું છે. સર્વાંગી વિકાસને પ્રોત્સાહન આપવું તે સામાજિક અને વ્યવસાયીક દ્રષ્ટિકોણથી જીએસીએલ માટે હંમેશા અગ્રતાનો વિષય રહ્યો છે. કંપની તેના ગ્રાહકો, સમાજ તથા રાષ્ટ્રના વિકાસમાં પોતાના ઉત્પાદનો અને સેવાઓ દ્વારા પ્રત્યક્ષ રીતે તેમજ તેની વિકાસલક્ષી પ્રવૃત્તિઓ દ્વારા અને સામાજિક અભિગમથી પરોક્ષરીતે પણ યોગદાન આપી રહી છે.

ચાલુ નાણાંકીય વર્ષ દરમિયાન, ગુજરાતના બનાસકાંઠા જિલ્લાના પૂરગ્રસ્ત વિસ્તારના લોકોને મદદ કરવા સારૂ, આપની કંપનીએ 'ચીફ મીનીસ્ટર રીલીફ ફંડ'માં રૂ.૧૦ કરોડનું યોગદાન આપેલ છે.

## જીએસીએલ ખાતે માનવ સંશાધન

કંપનીનો માનવ સંશાધન વિભાગ કોર્પોરેટ ટીમ બિલ્ડીંગના મૂળભુત સિધ્ધાંત સાથે કંપનીની વિવિધ માનવ પ્રક્રિયાઓને મજબૂત કરવા અને તેનાથી કાર્યક્ષમતા અને પ્રગતિમાં વધારો કરવા પર કાર્ય કરી રહ્યુ છે.

આ વર્ષે પણ આપની કંપનીના તમામ કર્મચારીઓએ કંપનીમાં સાથે રહીને સુમેળ ભર્યા સંબંધોથી વિવિધ સમસ્યાઓનુ નિરાકરણ કર્યુ છે અને તેથી કંપનીમાં બધાજ ક્ષેત્રમાં સર્વાંગી વિકાસ શક્ય બન્યો છે. વર્ષ ૨૦૧૬-૧૭ દરમિયાન કંપનીના માનવ સંશાધન વિકાસ અને નિવૃત્ત થનાર કર્મચારીની જગ્યાએ યોગ્ય કર્મચારીની ગોઠવણના ભાગરૂપે કુલ ૫૦ જેટલા કર્મચારીઓની નિમણુંક કરેલી છે. આથી કંપનીના તમામ સંશાધનોનો મહત્તમ ઉપયોગ શક્ય બન્યો છે.

કંપનીએ તેના કર્મચારીઓમાં રહેલી ક્ષમતાઓને વિકસાવવા માટે વિવિધ કૌશલ્ય નિર્માણ અને ટેલેન્ટ ડેવલપમેન્ટ પ્રોગ્રામ્સની શરૂઆત કરી છે. આ વર્ષે કુલ ૧૬૮ જેટલા ટ્રેનીંગ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યુ હતું અને આ કાર્યક્રમોમાં ૧,૫૦૮ જેટલા કર્મચારીઓએ ભાગ લીધો હતો.

કંપનીએ એચઆર ડિજિટાઈઝેશન પ્રોસેસીસની પણ શરૂઆત પોતાની ઈનહાઉસ ઈઆરપી સિસ્ટમ દ્વારા કરી છે. તેનાથી આપની કંપનીના કર્મચારીઓએ કાગળોનો નહિવત ઉપયોગ કરવાની સારી પધ્ધતિ અપનાવી છે.

## પ્રમાણપત્રો અને પુરસ્કારો

મને જણાવતાં આનંદ થાય છે કે આપની કંપનીને બરોડા પ્રોડકટીવીટી કાઉન્સીલ તરફથી ગુડ હાઉસ કીપીંગ સ્પર્ધા અને ગ્રીન એનવાયરમેન્ટ સ્પર્ધા-૨૦૧૬-૧૭ (GHKC & Gre Envcontest-2016-17)નો વડોદરા સંકુલ માટે પ્રથમ વિજેતાનો પુરસ્કાર તેમજ દહેજ સંકુલ માટે દ્વિતિય વિજેતાનો ગૌરવવંતો પુરસ્કાર પ્રાપ્ત થયેલ છે.

## ઈઆરપી-એસએપી( ERP-SAP) નું અમલીકરણ

આપની કંપનીએ ઈઆરપી વિકસિત કરેલ છે જેમાં ધંધાકિય જરૂરીયાતોને ધ્યાનમાં લઈ વિવિધ નિર્ણયો ઝડપથી લેવાય તે માટે ડિસીઝન સપોર્ટ સિસ્ટમ (DSS) વિક્સાવેલ છે. જીએસીએલનો હંમેશા એ પ્રયાસ રહ્યો છે કે તે ટેકનોલોજી એડવાન્સમેન્ટને યોગ્ય પ્રોત્સાહન આપી તેની સાથે આગળ વધે. આજના સમયમાં ટેકનોલોજી એડવાન્સ કોર્પોરેટ ગવર્નન્સ અને ધંધાના વૈશ્વીકરણ માટેની જરૂરીયાતો સાથે તાલ મેળવવા અને વિકાસશીલ પરિવર્તનોને સ્વીકારવામાં મદદરૂપ થઈ છે.

કંપનીએ ઈઆરપી સીસ્ટમનો અમલ કરવાનો નિર્ણય કર્યો છે આ માટે કંપનીએ SAP સીસ્ટમનો અમલ કરવાનું કાર્ય હાથ ધર્યું છે. SAP ના અમલીકરણથી કંપનીને સીમલેસ ઈન્ટિગ્રેશન અને બિઝનેસ પ્રોસેસ રિ-એન્જિનિયરીંગથી થતા પ્રત્યક્ષ અને પરોક્ષ લાભો થશે. SAP સીસ્ટમનો અમલ અંતીમ ચરણમાં છે અને તે ૧લી ઓક્ટોબર, ૨૦૧૭થી કાર્યરત થવાની ધારણા છે.

## આભારવચન

આ વર્ષે નવાં નિમણુંક થયેલા આપની કંપનીના ડિરેક્ટરો શ્રી અનીલ મુકીમ અને શ્રી એમ.કે. દાસને હું આવકારું છું. બોર્ડ ઓફ ડિરેક્ટર્સ વતી, આ વષે નિવૃત્ત થયેલા કંપનીના ડિરેક્ટર શ્રી પી. કે. તનેજાનો હું આભાર માનું છું જેમના બહોળા અનુભવનો કંપનીને તેના વિકાસ અને વૃધ્ધિમાં લાભ મળ્યો છે.

બોર્ડ પરના મારા અન્ય સાથીઓએ કંપનીના સંચાલનમાં આપેલ કિંમતી માર્ગદર્શન અને યોગદાન બદલ હું તેમના પ્રત્યે હૃદયપૂર્વક આભારની લાગણી વ્યક્ત કરું છું.

અમારામાં મૂકેલા વિશ્વાસ બદલ કંપનીના તમામ શેરહોલ્ડરર્સનો પણ હું આભાર માનું છું. આપની કંપનીના કર્મચારીઓએ તેમની વચનબધ્ધતા અને સમર્પણની ભાવના થકી આપેલ બહુમૂલ્ય યોગદાન માટે હું તેમનો આભાર માનું છું.

કંપનીના બોર્ડ ઓફ ડિરેક્ટર્સ વતી અને મારા વતી કેન્દ્ર સરકાર અને ગુજરાત સરકાર, ખાસ કરીને ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ, નાણા વિભાગ તેમજ ઉધોગ અને ખનિજ વિભાગ, કંપનીના પ્રમોટર્સ, બેન્કર્સ, ઓડિટર્સ, ગ્રાહકો, એજન્ટસ, ડીલર્સ, સપ્લાયર્સ અને અન્ય હિતધારકો તરફથી કંપનીને સતત મળેલા મૂલ્યવાન સાથ સહકાર માટે તેઓ પ્રતિ હું આભારની લાગણી વ્યક્ત કરું છું.

# જયહિન્દ

Promoting Green Technology

**ગુજરાત આલ્કલીઝ એન્ડ કેમિકલ્સ લિમિટેડ**

(આઇએસ-આઇએસઓ પ્રમાણિત કંપની)

(ગુજરાત સરકાર દ્વારા પ્રાયોજિત)

રજીસ્ટર્ડ ઓફિસ : પી. ઓ. પેટ્રોકેમિકલ્સ–૩૯૧૩૪૬, જિલ્લોઃ વડોદરા, ફોનઃ +૯૧-૨૬૫-૨૨૩૨૬૮૧-૮૨

ફેક્સઃ ૦૨૬૫-૨૨૩૧૨૦૮ | ઈ-મેઇલઃ cosec@gacl.co.in | વેબસાઇટ www.gacl.com | **CIN:** L24110GJ1973PLC002247